
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ચિંતા ન કરો... નીટની પરીક્ષામાં ટાઈમ ન બગડે તેના માટે કપડા પહેર્યા વગર જઉ છું...!!

# પાસ-નપાસ કરતાં જિંદગી વધુ કિંમતી : ભૂપેન્દ્રસિંહ

## સમગ્ર રાજ્યનું એકંદરે પરિણામ ૮૧.૮૯ ટકા : ગત વર્ષની સાપેક્ષમાં ૨.૮૬ ટકા વધુ

ગાંધીનગર, તા. ૧૧

માર્ચ-૨૦૧૭માં લેવાયેલી વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પરિણામ જાહેર કરતા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે રાજ્યનું એકંદરે પરિણામ ૮૧.૮૯ ટકા આવ્યું છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૨.૮૬ ટકા વધુ છે. પરિણામ જાહેર કરતી વેળો તેમણે જણાવ્યું હતું કે મા-બાપનો પૂર્વાગ્રહ પણ અઘટીત બનાવો મોટ જવાબદાર બનતો હોય છે. પરીક્ષામાં પાસ-નાપાસ થવા કરતા જિંદગી વધુ કિંમતી છે. શિક્ષણ સમાજની જવાબદારી છે સંયુક્ત પ્રયાસથી શિક્ષણક્ષેત્રે ગુજરાતને દેશમાં નંબર વન બનાવી શકાય.

શિક્ષણમંત્રીએ શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા સંબંધી આયોજન અને ગેરરીતિઓ રોકવા લેવાયેલા શ્રેણીબદ્ધ પગલાઓ અને તેના કારણે હાંસલ કરેલ સિદ્ધિઓનો ગૌરવભેર ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના તમામ બિલ્ડીંગના તમામ બ્લોકમાં સીસીટીવીની વ્યવસ્થા કરીને (ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ હેઠળ) પરીક્ષા લેવાઈ રહી છે. ઈલેક્ટ્રોનિક્સ સર્વેલન્સના કારણે ધો. ૧૦ અને ધો. ૧૨ની જાહેર પરીક્ષામાં થતી ચોરીઓના પ્રમાણમાં ઘણો અંકુશ આવ્યો છે. તે અંગેની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં ગેરરીતીના કિસ્સા ૩૫૨ નોંધાયેલા તે ક્રમશઃ ઘટીને વર્ષ ૨૦૧૫માં ૨૧૪, ૨૦૧૬ માં ૧૦૫ અને ચાલુ વર્ષે માત્ર ૪૫ કિસ્સાઓ નોંધાયેલા. સમાજ, વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ બાબતને સહજતાથી સ્વીકારી લીધી છે.





ગુજકેટની ગઈકાલે લેવાયેલ પરીક્ષામાં ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયેલો નથી.

પરીક્ષાઓના પરિણામો બાદ વિદ્યાર્થીઓ દ્વારા કોઈ અઘટીત ઘટનાઓ ન બને તે માટે શિક્ષણ વિભાગે છેલ્લા બે વર્ષથી સુયોજીત આયોજન કર્યુ હોવાનું જણાવી તેમણે ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓને પરીક્ષા સંબંધી મૂંઝવણમાંથી મુક્ત કરવા માટે બોર્ડ દ્વારા એક હેલ્પલાઈન ચાલુ કરવામાં આવેલી, જેમાં ચાલુ વર્ષે ૧૧૦૮૪થી વધુ કોલ્સ મળેલા અને વિદ્યાર્થીઓને તેમની પરીક્ષા સંબંધી મૂંઝવણના નિરાકરણ માટે માર્ગદર્શન આપ્યું હતું. પરિણામે એક પણ અઘટિત બનાવ બન્યો નથી તે આનંદની વાત છે. તેમણે જણાવ્યું હતું કે બાયસેગના માધ્યમથી પરીક્ષાઓ અગાઉ વિવિધ શિક્ષણવિદો દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા સંબંધી જરૂરી માર્ગદર્શન અને આત્મવિશ્વાસ સાથે વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તે માટે કાઉન્સીલીંગ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રયાસોને ખૂબ જ સફળતા મળી છે.

ધો. ૧૦ અંગ્રેજી વિષયની પરીક્ષામાં પેપર વાયરલ થયાના કિસ્સામાં દોશીતો સામે લેવાયેલ પગલા સંબંધી પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, આ બાબત ધ્યાને આવતા જિલ્લા શિક્ષણાધિકારી મહીસાગર મારફત તૂર્તજ ફરીયાદ નોંધાવામાં આવી હતી અને આ ફરીયાદના અનુસંધાને ૯ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. આ વ્યક્તિઓ પૈકી પોલીસ અધિક્ષક મહીસાગરના જણાવ્યા અનુસાર ૭ વ્યક્તિઓને ૮, મે ના રોજ જામીન આપવામાં આવ્યા છે અને બે વ્યક્તિઓના રીમાન્ડ ચાલુ રાખવામાં આવેલ છે. ચુડાસમાએ જણાવ્યું હતું કે જે વ્યક્તિઓને જામીન આપવામાં આવ્યા છે તેમના જામીન રદ કરવા નામદાર હાઈકોર્ટમાં અપીલ થઈ શકે તે માટે જરૂરી નિયમાનુસાર કાર્યવાહી કરવા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સૂચના આપવામાં આવી છે.

# પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ બન્ને સમિતિના સભ્ય તરીકે નિમાતાં રાજકીય વિવાદ

## જાણી જોઈને નેતાગીરીએ કરેલી ભૂલ છે કે પછી પ્રમુખ-ઉપપ્રમુખની વિદાય માનવી તેવી ચર્ચા

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભામાં મહિલા, બાળ વિકાસ સમિતિમાં સભ્ય તરીકે પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર અને ઉપપ્રમુખ ભરત પટેલનું નામ સૂચવવામાં આવ્યુ એટલુ જ નહિ પણ સમિતિની રચનાને મંજૂરી અપાતાં રાજકીય વર્તુળોમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ આમ તો હોદ્દાની રૂએ કોઈપણ સમિતિની બેઠકમાં હાજરી આપી શકે છે તેવી સ્પષ્ટ જોગવાઈ પંચાયત એક્ટમાં છે તો તેમની સભ્ય તરીકે નિયુક્તી કેમ કરાઈ ? બીજુ જિલ્લા પંચાયતના પ્રમુખ હોદ્દાની રૂએ ચેરમેન બનતા હોય તો પછી સભ્યોના અધિકાર પર તરાપ મારવા આ પગલુ ભરવામાં આવ્યુ છે તેવા પ્રશ્નો સાથે આ ચર્ચાઓનો ગણગણાટ પંચાયત સંકુલમાં સાંભળવા મળ્યો હતો.

આ વર્તુળોમાં એવી પણ ચર્ચા થતી હતી કે નેતાગીરીએ જાણી જોઈને ભૂલ કરી છે કે પછી બન્ને નેતાઓને વિદાયનો રસ્તો ચિંધવાનો પ્રયાસ કરાયો છે. આજે બે સમિતિઓની પુનઃ રચના કરવામાં આવી છે. જેમાં ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિમાં રાજીબેન રાઠોડ, શંકરભાઈ ચૌધરી, કાન્તાબેન ઝાલા, વિક્રમજી ઠાકોર અને કીર્તિબેન પટેલનો સમાવેશ થાય છે.

મહિલા, બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિમાં દિનુજી ઠાકોર, સમુબેન ઠાકોર, નરેશજી ઠાકોર, પટેલ ભરતભાઈ બી. અને રામાજી વાઘાજી ઠાકોરનો સમાવેશ થાય છે. આ સભ્યોની યાદીમાં પણ પંચાયત પ્રમુખનું નામ ઉપપ્રમુખના નામ પછી દર્શાવવામાં આવ્યુ હોઈ પ્રોટોકોલ પણ જાળવવામાં આવ્યો નહિ હોવાની ચર્ચા જાગી છે. જો કે આ સમિતિની રચના પછી સમિતિના પૂર્વ ચેરમેન દિનુજી ઠાકોરે સામાન્ય સભામાં જે ચોંકાવનારી રજુઆતો કરી ત્યારે કારોબારી સમિતિના ચેરમેને કહ્યુ હતુ કે અમારા માટે આ સમિતિ મહત્વની છે અને અમે વધુ ધ્યાન કેન્દ્રીત કરવા માંગીએ છીએ તેથી તમે સંકલન ના સાધો તે રીત બરાબર નથી.



ઉનાળાની મોસમમાં કાળઝાળ ગરમી સામે રક્ષણ આપનાર ઉત્તમ ફળ એટલે ખટ્ટામીઠાં સ્વાદિષ્ટ ફાલસા. ફાલસાનું સેવન તન-મન બંને માટે તંદુરસ્ત અને સ્વાસ્થ્ય માટે નિરોગી ગણાય છે. હાલમાં ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં માત્ર ચિલોડા, લવારપુર, દહેગામ પંથકમાં ફાલસા અને રાયણની ખેતીથી પૌષ્ટિક ફળની માંગ વધુ જોવા મળે છે. શહેરના મુખ્યમાર્ગની આસપાસ ફાલસા અને રાયણનું વેચાણ કરતા વેપારીઓ ઠેર ઠેર ગોઠવાઈ ગયા છે. વાહનચાલકો ઉત્સાહપૂર્વક ફાલસાની ખરીદી કરવા મગ્ન બન્યા છે.

# નિયત સમયે તાલિમમાં ન આવનારને ભોજન નહિ મળે તેવો તઘલખી નિર્ણય

## આઈડીએસપી દ્વારા આશા કાર્યકરોની તાલિમમાં થયેલ બબાલ : સોમવારથી આશા કાર્યકરો હડતાલ પર જશે

ગાંધીનગર, તા. ૧૧

આજે આઈડીએસપીના તાલિમવર્ગમાં ગાંધીનગર તાલુકાની આશાબેનો સાથે થયેલ અમાનવીય વર્તાવને પગલે સોમવારથી જિલ્લાની આશા બેનો અચોક્કસ મુદતની હડતાલ પર જશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કડી સંકુલમાં આજે આઈડીએસપી શાખા દ્વારા આશાબેનોને રોગચાળા નિયંત્રણની કામગીરીની વિશેષ તાલિમ આપવાનું આયોજન કરાયું હતું. આ તાલિમમાં નિયત સમય કરતાં મોડા આવેલ કાર્યકરોને ભોજન નહિ આપવાનો નિર્ણય આઈડીએસપી શાખા દ્વારા લેવાયો હતો.

બપોરના સમયે ભોજન ન મળતાં ભારે હોબાળો મચી ગયો હતો. કાર્યકરોએ આ વાતનો વિરોધ કર્યો હતો અને શાખાધિકારી સાથે શાબ્દીકયુદ્ધ જામી ગયુ હતુ.

આ શાબ્દીક યુદ્ધ દરમ્યાન એક કાર્યકરે તેણીની બી.પી. અને ડાયાબીટીસ હોવાથી ભોજનની માંગ કરી હતી પરંતુ શાખાધિકારીએ તેણીની મોડી પડી હોવાથી ખાવાનું નહિ મળે એવુ સ્પષ્ટ જણાવતાં જ આ કાર્યકર ત્યાં જ અસહ્ય ગરમીને લઈ પડી ગઈ હતી અને બેભાન થઈ ગઈ હતી.

આ ઘટનાની જાણ જિલ્લાના આરોગ્યના અધિકારીઓને થતાં તાબડતોબ ત્યાં દોડી ગયા હતા. એ દરમ્યાન બેભાન થયેલ કર્મચારીને સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

જિલ્લાના અધિકારીઓએ પરિસ્થિતિને થાળે પાડી હતી પરંતુ તેમની સાથે થયેલ અમાનવીય અને અશિષ્ટ વર્તાનના વિરોધમાં સોમવારથી અચોક્કસ મુદતની હડતાલ પર જવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન જિલ્લા આઈડીએસપી શાળાએ કાર્યક્રમ સફળ રહ્યાનો દાવો કર્યો છે.

જિલ્લાભરમાં આજની આ ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા હતા. તેમજ અધિકારીના વર્તન સામે લોકોએ રોષ વ્યક્ત કર્યો છે.

# ગાંધીનગરમાં આજે સૌથી વધુ ગરમી : ૪૩.૮ ડિગ્રી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ફરી એક વખત ગરમીનો પારો આખા રાજ્યમાં સૌથી વધુ નોંધાયો છે. આજે શહેરમાં ગરમીનો પારો ૪૩.૮ ડિગ્રીએ પહોચ્યો હતો.

ગરમીનો પારો આ સિઝનનો સૌથી વધુ નોંધાયો છે. આજે અસહ્ય ગરમીને કારણે બપોરના સમયે જ શહેરના રસ્તાઓ સુમસામ બની ગયા હતા તેમજ ચા-પાણીની રિશેષમાં કે લંચના સમયે કર્મચારીઓએ ઓફિસની બહાર નીકળવાનું ટાળ્યુ હતુ.

ગરમીથી પ્રભાવિત ગાંધીનગરમાં શાકભાજીના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે અને તેની અસર જનજીવન પર પડી છે. હવામાન ખાતુ ગરમીનું આ મોજુ યથાવત રહેશે તેવી આગાહી કરી ચુક્યુ છે.

ગાંધીનગરમાં આકાશી ગરમીએ જે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે તેને પગલે પાણી અને વીજળીની માંગમાં પણ ભારે વધારો થવા પામ્યો છે. ગરમીથી રાહત મેળવવા લોકો સતત મોં પર પાણી છાંટતા તેમજ પાણી પીતા નજરે પડ્યા હતા.

પશુ-પંખીઓ પણ છાંયટો શોધી આકાશમાં વિહંગ કરતા જોવા મળ્યા ન હતા.

# પેથાપુરમાં સબે બારાત ઉજવાઈ

આજે મુસ્લિમ બિરાદરોનો સબ્બે-બારાત તહેવાર હતો. આ તહેવારના પગલે પેથાપુર ખાતે આવેલા મુસ્લિમ કબ્રસ્તાનની સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ કાર્યમાં પેથાપુર સુન્ની સમાજના પ્રમુખ યુનુસ યુસુફભાઈ પરમાર તથા કોર્પોરેટર સોફિયા યુનુસ પરમાર જોડાયાં હતા તથા કબરો પર ફૂલ ચઢાવી દિવંગતો માટે દુઆ કરવામાં આવી હતી.








# પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત આવાસ મેળા સમારોહ

સ્વચ્છ ગુજરાત
ગુજરાત સરકાર
પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ

શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત

શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

:: સમારોહના અધ્યક્ષ ::
શ્રી વિજય રૂપાણી મુખ્યમંત્રી, ગુજરાત

:: મુખ્ય મહેમાન ::
શ્રી જયંતીભાઈ કવાડીયા
મંત્રી (રાજ્ય કક્ષા), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ (તમામ સ્વતંત્ર હવાલો)

તારીખ : ૧૨-૫-૨૦૧૭ | સ્થળ : આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

## આવાસ મેળા

:: સમારોહના અધ્યક્ષ ::
શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
મંત્રી, મહેસૂલ, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો
તારીખ : ૧૩-૫-૨૦૧૭
સ્થળ : સુરત

:: સમારોહના અધ્યક્ષ ::
શ્રી ચીમનભાઈ સાપરિયા
મંત્રી, કૃષિ, ઊર્જા
તારીખ : ૧૮-૫-૨૦૧૭
સ્થળ : ઢસા

:: સમારોહના અધ્યક્ષ ::
શ્રી ગણપતભાઈ વસાવા
મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન
તારીખ : ૧૯-૫-૨૦૧૭
સ્થળ : ગોધરા

:: સમારોહના અધ્યક્ષ ::
શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
તારીખ : ૨૨-૫-૨૦૧૭
સ્થળ : કાંકરેજ

### પ્રધાન મંત્રી આવાસ યોજના ( ગ્રામીણ)

- લાભાર્થીની પસંદગી એસ.ઈ.સી.સી. ૨૦૧૧ ના ડેટા પ્રમાણે
- આવાસનું બાંધકામ ૨૫ ચો.મી.
- PMAY યોજના હેઠળ સહાયની રકમઃ રૂ. ૧,૨૦,૦૦૦/-
- અન્ય યોજનાઓ સાથે સંકલનથી પાણી, વીજળી, રસ્તા વગેરે પ્રાથમિક સુવિધાઓ
- આ યોજના હેઠળ જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ મકાનનું બાંધકામ
- મોનીટરીંગ માટે અદ્યતન તક્નીક - જીઓ ટેગીંગ અને મોબાઈલ ટેક્નોલોજીનો ઉપયોગ

### પી.એમ.એ.વાય. હેઠળ લાભાર્થીદીઠ મળવાપાત્ર સહાય

- યોજનાની મળવાપાત્ર સહાય : રૂ. ૧,૨૦,૦૦૦/-
- મનરેગા હેઠળ મળવાપાત્ર માનવદિનની રોજગારી : રૂ ૧૭,૨૮૦/-
- સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ આવાસદીઠ બનનાર શૌચાલયની સહાયઃ રૂ. ૧૨,૦૦૦/-
- કુલ સહાય :રૂ. ૧,૪૯,૨૮૦/-





### પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થીને મળનાર નાણાકીય સહાય

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત લાભાર્થીઓને ૪ (ચાર) હપ્તામાં સહાયની રકમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

- પ્રથમ હપ્તો રૂ. ૩૦,૦૦૦/- આવાસની વહીવટી મંજૂરીના હુકમ સાથે
- બીજો હપ્તો રૂ. ૫૦,૦૦૦/- આવાસનું બાંધકામ લિંટલ લેવલે અને શૌચાલય પૂર્ણ થયેથી
- ત્રીજો હપ્તો રૂ. ૩૦,૦૦૦/- આવાસનું બાંધકામ રૂફકાસ્ટ લેવલ પર હોય ત્યારે
- ચોથો હપ્તો રૂ. ૧૦,૦૦૦/- આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી



સૌ કોઈને ઘરનું ઘર મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે
શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ગ્રામ વિકાસ વિભાગ અને કમિશનર ગ્રામ વિકાસ કચેરી
બ્લોક નં.૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર